# સરદાર સાહેબના અપમાનનો ગુજરાતીઓ જવાબ માંગે છે : અમિત શાહ

## પાટીદારોના હોબાળા વચ્ચે ભાજપની ગૌરવ યાત્રાનો પ્રારંભ, હું વિકાસ છું, હું છું ગુજરાત : કોંગ્રેસની ૩ પેઢીએ ગુજરાતને અન્યાય કર્યો, મતગણતરી થશે એ દિવસે વિકાસની મજાક ઉડાવનારાઓની મજાક ઉડશે

કરમસદ,તા.૧

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની હાજરીમાં ભાજપની 'ગુજરાત ગૌરવ યાત્રા'નો પ્રારંભ થયો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના નિવાસસ્થાનેથી હું વિકાસ છું, હું છું ગુજરાતના સૂત્ર સાથે 'ગુજરાત ગૌરવ યાત્રા'નો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્મમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં અમિત શાહે જેવું ભાષણની શરૂઆત કરી કે તરત જ 'જય પાટીદાર, જય સરદાર'ના લખાણ સાથેની ટોપી પહેરેલા કેટલાક યુવકોએ હોબાળો મચાવ્યો હતો.

ટોળાના હોબાળા બાદ થોડા સમય માટે કાર્યક્રમ રોકી દેવામા આવ્યો હતો. તોફાન કરનારા યુવકોને પોલીસ બહાર લઈ ગઈ હતી. ભાજપના કેટલાક કાર્યકર્તાઓએ પાટીદાર યુવકોને માર માર્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨ ઓક્ટોબરના રોજ ભાજપ મહાત્મા ગાંધીની ભૂમિ પોરબંદરથી ગુજરાત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરશે.

પોતાના ભાષણમાં અમિત શાહે મોદી સરકારના વખાણ કર્યા હતા. શાહે કહ્યું કે, ગુજરાત ભાજપના દરેક કાર્યકર્તાને મારી વિનંતી છે કે ગામેગામ જઈને કમળને મજબૂતીથી ખીલાવો. બીજેપીનો કાર્યકર્તા નિયમ લઈને જાય કે ગુજરાતની ચૂંટણીમાં બીજેપી જ આવશે. ભાજપની સરકારમાં માથાદીઠ આવક લાખ રૂ. કરતા વધારે છે જ્યારે કોંગ્રેસના રાજમાં ૧૩,૬૬૫ રૂ. હતી.





અમિત શાહે રાહુલ ગાંધીની તાજેતરની ગુજરાત મુલાકાત પર નિશાન સાધતા આકરા વાકપ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે હિસાબ માગનારાએ સૌ પહેલા હિસાબ આપવાની જરૂર છે. તેમણે કોંગ્રેસ દ્વારા સરદાર પટેલને અન્યાય કર્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. યુપીએ સરકારે પણ ગુજરાત સાથે અન્યાય કર્યાના આક્ષેપ સાથે કહ્યુ હતુ કે ૧૯૯૫ પહેલા પણ ગુજરાતના વિકાસ રૂંધાયેલો હતો. સંબોધન બાદ તેમણે ગૌરવ યાત્રાનુ પ્રસ્થાન કરાવ્યું હતું.

સીએમ રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહારો કરતાં કહ્યું કે, સરદાર પટેલને કોંગ્રેસે ક્યારેય આગળ આવવા દીધા નહિ, નહેરુ કુટુંબે હંમેશા સરદારને દૂર રાખ્યા. કોંગ્રેસે સરદાર, આંબેડકર, સાવરકર અને સુભાષચંદ્ર બોઝને હાંસિયામાં ધકેલીને પરિવારને જ મહત્વ આપ્યું કોંગ્રેસ ભલે વિકાસને મજાક ગણે, અમે વિકાસને મિજાજ ગણીએ છીએ. જે ખેડૂતોને કોંગ્રેસે ગોળીઓ મારેલી તે વળી ક્યાં મોઢે ખેડૂતોની વાત કરે છે? લાઠીચાર્જ કરનારાના મોઢામાં ખેડૂતોની વાત શોભતી નથી

### ગૌરવ યાત્રામાં અમિત શાહના ભાષણ સાથે જ પાટીદારોનો હોબાળો

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સરદાર વલ્લભભાઈ પટેલના વતન કરમસદથી ગુજરાત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો છે. ત્યારે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિતનાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેવું ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભાષણ આપવાનું શરૂ કર્યું કે ત્યાં પાટીદારોએ હોબાળો મચાવ્યો હતો. હોબાળો મચાવનાર પાટીદારોને પોલીસે કોર્ડન કરીને બહાર કાઢવામાં આવ્યા હતા. ભાજપના અધ્યક્ષ અમિત શાહે ભાષણમાં જણાવ્યું કે, ગુજરાતમાં ભાજપનું કમળ ફરી એકવાર ખીલવવાની જવાબદારી તમામ કાર્યકરોની છે. આ એ ભૂમિ છે જ્યાંથી સરદારે આજના ભારતને એક કરવાની શરૂઆત કરી હતી આજે ત્યાંથી જ ભાજપ ગુજરાત ગૌરવ યાત્રાની શરૂઆત કરી રહી છે. કોંગ્રેસ ભાજપ પાસેથી વિકાસનો હિસાબ માંગે છે પરંતુ લોકો તમારી ત્રણ પેઢીઓએ રાજ્યને કરેલા અન્યાયનો હિસાબ માંગે છે.

### 'ભીડ ભેગી કરો...': ગૌરવ યાત્રાના પ્રથમ દિવસે જ અમિત શાહ લાલઘૂમ

'વિકાસ ગાંડો થયો છે' તેવા સ્વંયભુ પ્રચારને ખોળવા માટે ભાજપ દ્વારા ગૌરવ યાત્રા શરૂ કરવામાં આવી છે. જો કે હજી ભાજપના જ ઘણા નેતાઓ અને કાર્યકરને ખબર પડતી નથી કે ભાજપ ક્યાં ગૌરવની યાત્રા કાઢી રહી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ કરમસદ શરૂ થનારી ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવવા માટે રવિવારની સવારે નવ વાગે પહોંચવાના હતા, પણ કરમસદમાં ભીડ એકત્રીત કરવામાં ભાજપના નેતાઓ નિષ્ફળ ગયા હતા. જેના કારણે કરમસદથી સવારે નવ વાગે યાત્રા શરૂ થવાની હતી પણ અમિત શાહ બપોરના ૧૨ વાગે કરમસદ પહોંચ્યા હતા.

આખરે ૧૨ વાગે અમિત શાહ કરમસદ ખાતે કાર્યક્રમમાં પહોંચ્યા હતા અને તેમણે યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. હવે પહેલી વખત ભાજપને પણ ભીડ ભેગી કરતા કરતા પરસેવો પડી રહ્યો છે.

# જીએસટી, પેટ્રોલના ભાવ અને બેકારી મુદ્દે શંકરસિંહના કેન્દ્ર-રાજ્ય સરકારો પર આકરા પ્રહરો

## ભાજપ સરકારની ખોટી નીતિઓને કારણે જનતા અને વેપારીઓ મૂશ્કેલીમાં : બાપુ

અમદાવાદ,તા.૧

ગુજરાતના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાના વડપણ હેઠળ દશેરાના દિવસે જન વિકલ્પ મોરચા દ્વારા વસ્ત્રાપુર ખાતે ડિજિટલ ઉડી રાવણ દહન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર ૧૦ મુદ્દા આધારિત ઈકો ફ્રેન્ડલી ડિજિટલ ઉડી રાવણ દહન કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલાની સાથે-સાથે જન વિકલ્પ મોરચના વરિષ્ઠ નેતાઓ, ટેકેદારો તથા શહેરીજનો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.


આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરતાં શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ''વર્તમાન સરકારની જીએસટી સહિતની ખોટી નીતિઓને કારણે સામાન્ય જનતા અને વેપારીઓ ભારે મૂશ્કેલીમાં મૂકાયા છે. બીજી તરફ પેટ્રોલ અને ડીઝલના ઉંચા ભાવે લોકોની કમર તોડી નાંખી છે, જેનું મુખ્ય કારણ વેટનો ઉંચો દર છે. જો પેટ્રોલ અને ડીઝલ ઉપરના વેટમાં ઘટાડો કરવામાં આવે તો ભાવ ચોક્કસપણે ઘટી શકે, પરંતુ સરકારને આ મંજૂર નથી.''



તેમણે ઉમેર્યું હતું કે, ''હાલના સમયમાં અંદાજે ૪૦થી ૫૦ લાખ લોકો બેકાર છે ત્યારે સરકાર તેમને બેરજોગારી ભથ્થુ આપે તે અત્યંત જરૂરી છે. જો જનવિકલ્પ મોરચાની સરકાર આવશે તો તેઓ નવા યુવાન મતદારોને ૪જી સ્માર્ટ મોબાઈલ ફોન આપશે, તેવી તેમણે જાહેરાત કરી હતી.''

શ્રી વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, ''ગુજરાતની પ્રજા ભાજપ અને કોંગ્રેસ બંન્નેથી ત્રસ્ત છે તેથી જ હું મુદ્દા આધારિત બાબતોને લઈને લોકો વચ્ચે આવ્યો છું. જનતાની વેદનાને વાચા આપવા, લોકોની સમસ્યાનો ઉકેલ લાવવા અને હુંફ આપવા માટે અમે ગુજરાતની પ્રજા સમક્ષ ત્રીજો વિકલ્પ રજૂ કર્યો છે.''

તેમણે 'સિલેક્ટ યોર કેન્ડિડેટ, ઈલેક્ટ યોર' કેન્ડિડેટનું સૂત્ર આપીને ભાષણનું સમાપન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે અત્યંત ઉન્નત આધુનિક દ્રશ્ય અને શ્રાવ્ય ટેકનોલોજીના ઉપયોગથી યોજાયેલા આ રાવણ દહન કાર્યક્રમ દરમિયાન રંગારંગ દેશભક્તિના ગીતો સાથેના સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં જન વિકલ્પે પ્રજાને પારદર્શક અને સક્ષમ નેતૃત્વ આપવાના સંકલ્પ સાથે જનતાની સમસ્યાઓને વાચા આપવા માટે મુખ્યત્વે ૧૦ મુદ્દા આધારિત કાર્યક્રમો ઘડ્યાં છે,



દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી 'દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે'

-મહાત્મા ગાંધી

# નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

તા.૦૨-૧૦-૨૦૧૭ થી તા.૦૮-૧૦-૨૦૧૭ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

## સંદેશો

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન-૨જી ઓક્ટોબર થી ૮મી ઓક્ટોબર, ૨૦૧૭ દરમ્યાન સમગ્ર ગુજરાત રાજ્યમાં **"નશાબંધી સપ્તાહ"**ની ઉજવણી કરવામાં આવનાર છે, તે જાણી અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

રાજ્યની નશાબંધી નીતિને ચુસ્તપણે વરેલી ગુજરાત સરકારના વ્યસનમુક્ત સમાજના નિર્ધારને હું બિરદાવું છું. રાજ્ય સરકારની નશાબંધી નીતિના ચુસ્ત અમલીકરણથી ગુજરાત શાંત, સુરક્ષિત, સુખી અને સમૃદ્ધ રાજ્ય તરીકે સમગ્ર રાષ્ટ્રમાં અગ્રીમ સ્થાને છે. રાજ્યની ઔદ્યોગિક શાંતિ અને વિકાસ માટે નશાબંધી નીતિના ચુસ્ત અમલીકરણનો ફાળો પણ મહત્વપૂર્ણ છે.

સત્ય અને અહિંસાના મહાન દૂત પૂજ્ય મહાત્મા ગાંધીજી નશાબંધીના પ્રખર હિમાયતી હતા. તેઓ માનતા હતા કે સચ્ચાઈ અને નિષ્ઠાપૂર્વક નશાબંધીનું અનુપાલન સમાજના ગરીબ અને નબળાવર્ગના લોકોના જીવનને ઓજસ્વી અને બેહતર બનાવવામાં નિમિત્ત બની શકે છે. સમાજમાં લોકો અને વિશેષ કરીને યુવાનો નશાખોરીની બદીથી દૂર રહે તે માટેના પ્રયાસોમાં સૌએ સહભાગી બનવા આગળ આવવું જરૂરી છે. મદ્યપાન કરતા લોકો અને તેમના પરિવારની દુર્દશા વિશે આપણે સૌ જાણીએ છીએ.

આથી આવો, આપણે સૌ સ્વસ્થ અને વ્યસનમુક્ત સમાજ માટેના જનજાગૃતિના પ્રયાસોને આગળ વધારીએ અને નશાબંધી સપ્તાહની શાનદાર ઉજવણીમાં સહભાગી બનીએ.

**ઓ.પી.કોહલી**
**(રાજ્યપાલ, ગુજરાત રાજ્ય)**



નશાબંધી અને આબકારી ખાતા દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ ઓક્ટોબર માસમાં તા.૦૨-૧૦-૨૦૧૭ થી તા.૦૮-૧૦-૨૦૧૭ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી થઈ રહી છે, તે જાણીને આનંદની લાગણી અનુભવું છું.

કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાજ્યના વિકાસ માટે નશાબંધી અને વ્યસનમુક્તિ એક અનિવાર્યતા ગણાય. ગુજરાત સરકાર દ્વારા પણ નશાબંધીના અમલીકરણ માટે ઉત્કૃષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તમાકુ સેવન અને દારૂની બદી સામે જાગૃતિ લાવવા સરકારશ્રી દ્વારા વ્યસનમુક્તિ હોસ્પિટલો ચલાવવામાં આવે છે. જ્યાં વ્યસનની લતે ચઢેલાઓને નિ:શુલ્ક સારવાર અને સલાહ ઉપલબ્ધ કરાવી કુટુંબ જેવું વાતાવરણ સર્જી વ્યક્તિને વ્યસનમાંથી મુક્ત કરવા અંગે સેવા કરવામાં આવે છે. માત્ર કાયદાથી જ નશાબંધીનો અમલ થઈ શકતો નથી માટે આપણે સૌ સાથે મળી સ્વયં સંકલ્પ કરી નશો ન કરવા કે કોઈ નશો કરતું હોય તો તેને તેનાથી નશામુક્ત થવાની પ્રેરણા આપીએ. ફક્ત એક સપ્તાહની ઉજવણી પર્યાપ્ત નથી પરંતુ લોકો નશાથી હંમેશા મુક્ત રહે તેવા પ્રયત્નો કરી ગુજરાતને સાચા અર્થમાં નશામુક્ત કરીએ. નશાબંધી અને આબકારી ખાતાને આ પ્રસંગે મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

**વિજયભાઈ રૂપાણી**
**(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**

મહાત્મા ગાંધીજીએ વિદેશી શાસનમાંથી મુક્તિની સાથોસાથ સામાજિક ઉત્થાન માટે ચાર બાબતોનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. તેમાંની એક બાબત નશાબંધીની નીતિ હતી. આ નીતિનો અમલ ગુજરાત રાજ્યનું નશાબંધી અને આબકારી ખાતું સફળતાપૂર્વક કરી રહેલ છે તે બદલ અભિનદન આપું છું.

સમગ્ર દેશમાં નશાબંધી નીતિનો કડક અમલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. નશાબંધીનો સંપૂર્ણ અને ચુસ્ત અમલ થઈ શકે તે માટેનો મજબુત કાયદો બનાવીને ગુનેગારોને ૧૦ વર્ષ સુધીની કેદ રૂા.પાંચ લાખ સુધીનો દંડ કરવાની કટિબદ્ધતા ગુજરાતે બતાવી છે. સાથે સાથે કાયદાના અમલીકરણ માટે પણ જરુરી મીકેનિઝમ ઊભું કરીને સ્ટેટ મોનિટરિંગ સેલ જેવા તંત્રની મદદથી નશાબંધીના કાયદાનું ચુસ્ત અમલીકરણ કરવામાં આવે છે. એટલુ જ નહિ, હુક્કાના સેવનથી રાજ્યના યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે રાજ્યમાં હુક્કાબાર પર સંપૂર્ણ પ્રતિબંધ અને ત્રણ વર્ષ સુધીની સજા અને રૂા.૫૦,૦૦૦ સુધીનો દંડ લાગુ પાડતો કડક કાયદો પણ ગુજરાતે પસાર કરેલ છે. આ કડક કાયદાઓ બનાવીને અને તેના અમલીકરણથી નશાની બદીમાં સપડાયેલ વ્યક્તિને જ નહિ પણ સમગ્ર પરિવાર અને સમાજને આ ભયાનક સામાજિક દુષણોથી બચાવવા ગુજરાત રાજ્યે નિર્ધાર વ્યક્ત કરેલ છે.

આ તમામ દુષણોથી સમાજને બચાવવા અને નશાની બદીથી થતા ગેરફાયદા સમજાવવા રાજ્યના નશાબંધી અને આબકારી ખાત દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન નશાબંધી નીતિનું સુચારુ અમલીકરણ અને ઘનિષ્ટ પ્રચાર વિવિધ માધ્યમો દ્વારા કરવામાં આવે છે. જેમાં રાજ્યના સૌ નાગરિકો ઉમળકાભેર જોડાઈને આ દુષણને સંપૂર્ણપણે નાબુદ કરવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપે તેવી નમ્ર અપીલ કરુ છું.

શુભકામનાઓ સહ,

**પ્રદિપસિંહ જાડેજા**
**(ગૃહ મંત્રી, ગુજરાત રાજ્ય)**